સાબરમતી હાફ મેરેથોનમાં છવાયા ગાંધીનગરના રનર્સ

ગાંધીનગર, તા. ૭

અમદાવાદમાં યોજાયેલી ચોથી સાબરમતી મેરેથોનમાં ફુલ, હાફ, ડ્રીમ અને ફીજીકલી ચેલેન્જડ એમ વિવિધ કેટેગરીમાં લગભગ ૨૦ હજાર લોકોએ હોંશભેર ભાગ લઈ દોડ લગાવી હતી. 'મન મળશે તો મંજીલ મળશે' એવાં મજબુત મનસુબા સાથે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આ ભવ્ય મેરેથોનને ફલેગ ઓફ કરાવી હતી.

સાબરમતી મેરેથોનની ૨૧.૦૯૭ કિ.મી.ની હાફ મેરેથોન કેટેગરીમાં ગાંધીનગર રનર્સ ગ્રૂપના ૧૮ સભ્યોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈને નિયત સમયમાં હાફ મેરેથોન પૂર્ણ કરીને ફિનીશરનો મેડલ મેળવ્યો હતો.

ગાંધીનગરનાં વિવિધ ક્ષેત્રના નૉન પ્રોફેશનલ રનર્સ ઈન્દ્રસિંહ વાઘેલા, તરૂણ ભાર્ગવ, ફિરોઝ રાઠોડ, દિપક સકસેના, શૈલેષ પટેલ, શ્રીવાસ્તવ, ઉર્મીલ વેદ, સંતોષ કાપડી, ભાવેશ એરડા, ડૉ. જીજ્ઞેશ રાજવીર, બી.કે. સતીષ, બ્રજેશ કુમાર, કેયુર કાસ્લીવાલ, ડૉ. ગુંજન જૈન, સંજય થોરાત, પ્રવીણ નાયર, મયુર થાનકી અને વિરલ શાહે આ હાફ મેરેથોન જોશભેર દોડીને ગાંધીનગરને ગૌરવ અપાવતો ફિનીશરનો મેડલ મેળવ્યો હતો. આ સાથે ૬ કિ.મી. ડ્રીમ રનમાં ગાંધીનગરની ચાર મહિલાઓ ફાલ્ગુની ડોડીયા, ઉર્જા રાજવીર, ધર્મીષ્ઠાબા વાઘેલા અને અરૂણાબેને ભાગ લીધો હતો.

ગાંધીનગર રનર્સનાં સભ્યો દર રવિવારે પૂનિતવન ભેગા થઈ ૧૦ કિ.મી.ની નિયમીત દોડ લગાવે છે. આજે જ્યારે ચાર-પાંચ કી.મી. ચાલતાં શ્વાસ ચઢી જાય છે. ત્યારે માત્ર અઢી કલાકમાં ૨૧ કિ.મી. અત્યંત કઠીન મેરેથોન દોડ દોડનારાં ગાંધીનગરનાં આ મિત્ર્ભાઓ અભિનંદનને પાત્ર છે. ગાંધીનગરના શુભેચ્છકોએ એમને શુભેચ્છાઓ પાઠવી છે કે 'ભાગ ગાંધીનગર રનર્સ ગ્રૂપ ભાગ...'

જિલ્લામાં ૨૯૪૯૨ વિદ્યાર્થીઓ ધો. ૧૦ની પરીક્ષા આપશે

રાજ્યમાંથી હિન્દી મીડીયમમાં ૧૯,૮૧૨ અને મરાઠી મીડીયમના ૪૭૧૫ વિદ્યાર્થીઓ પણ પરીક્ષા આપશે

ગાંધીનગર, તા. ૭

આગામી તા. ૧૩ માર્ચથી ધો. ૧૦ની બોર્ડ પરીક્ષા યોજવામાં આવશે. માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાનારી આ પરીક્ષામાં સમગ્ર રાજ્યમાંથી ૭,૮૭,૬૦૩ વિદ્યાર્થીઓ બેસશે જ્યારે ગાંધીનગર જિલ્લામાંથી ૨૯૪૯૨ વિદ્યાર્થીઓ ધો. ૧૨ની પરીક્ષા આપશે.

ધો. ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાને હવે માત્ર બે મહીના આડા રહ્યા છે. માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાનારી મહત્વની બોર્ડ પરીક્ષા નજીકમાં હોવાથી વિદ્યાર્થીઓએ પરીક્ષાલક્ષી તૈયારી તરફ વધુ ધ્યાન કેન્દ્રીત કર્યું છે. દિવાળી વેકેશન બાદ શરૂ થયેલા શૈક્ષણિક સત્રના અંતે વિદ્યાર્થીઓ અને વાલીઓ બોર્ડ પરીક્ષાની તૈયારી માટે વધુ જાગૃત બન્યા છે. શિક્ષણ બોર્ડ કક્ષાએથી પણ આગામી માર્ચ-૨૦૧૪માં લેવાનારી ધો. ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાને અનુલક્ષી જરૂરી આયોજન કરવામાં આવી રહ્યું છે. શિક્ષણ બોર્ડના સૂત્રોના જણાવ્યા અનુસાર આગામી ૧૩ માર્ચથી બોર્ડ પરીક્ષાનો પ્રારંભ થનાર છે. સમગ્ર રાજ્યમાંથી ધો. ૧૦ના ૭,૮૭,૬૦૩ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. ગાંધીનગર જિલ્લામાંથી ૨૯૪૯૨ વિદ્યાર્થીઓ ધો. ૧૨ની પરીક્ષામાં બેસશે. જ્યારે ૧૨૬૬૯ વિદ્યાર્થીઓ ધો. ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા આપશે. ધો. ૧૦માં ઓપન સ્કૂલના ૩૨૩ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. તા. ૧૩ થી ૨૪ માર્ચ દરમિયાન લેવાનારી આ પરીક્ષામાં રાજ્યમાંથી ૪૭૪૩૫ વિદ્યાર્થીઓ અંગ્રેજી અને ૧૯૮૧૨ સ્ટુડન્ટસ હિન્દી મીડીયમમાંથી પરીક્ષા આપશે. જ્યારે મરાઠી મીડીયમમાંથી પણ ૪૭૧૫ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. બોર્ડ પરીક્ષા દરમિયાન શાંતિ અને પારદર્શકતા જળવાઈ રહે તે માટે શિક્ષણ બોર્ડ દ્વારા જરૂરી તૈયારીઓ હાથ ધરવામાં આવી છે.

ગાંધીનગર ખાતે નહેરૂ યુવા કેન્દ્ર દ્વારા આંતરરાજ્ય આદાન-પ્રદાન માટે યોજાયેલ રાષ્ટ્રીય એકતા કેમ્પમાં વિવિધ રાજ્યોના ૨૫૦થી વધુ યુવકો ભાગ લઈ રહ્યા છે. શિબિરના પ્રથમ દિને યોજાયેલ રંગારંગ કાર્યક્રમમાં અલગ-અલગ રાજ્યના યુવક-યુવતીઓએ પોતાના પ્રદેશના પરંપરાગત નૃત્યો રજૂ કર્યા હતા. *(તસવીર : કશ્યપ નિમાવત)*

ખૂણે... ...ખાંચરેથી

- કરાઈ પોલીસ એકેડમીના કર્મચારીઓને આજે મેલેરિયા વિરોધી કામગીરી માટે ખાસ તાલિમબદ્ધ કરાયા છે.
- પેથાપુર ચોકડી પાસે આવેલા શ્રી ઉમીયા ગૃહ ઉદ્યોગનું કચરીયું વેચતા જયંતિભાઈ પટેલ ચખાડવામાં જ અનેક કીલો ગ્રાહકોને ખવડાવી દે છે. આ રવિવારે એકજ દિવસમાં ૨૫ કિ. જેટલું કચરીયું ચખાડી દીધું.
- કલ્પતરૂ કંપનીના ડાયરેક્ટર કમલ જૈને ફિનાન્સ ફોર નૉન ફિનાન્સ એક્ઝ્યુકેટીવનો સેમિનાર એમનાં ટેકનીકલ સ્ટાફને કરાવી ફિનાન્સની મહત્વતા સમજાવી હતી.
- ગાંધીનગર જિલ્લા કલેક્ટર શ્રી ડૉ. સ્વરૂપ છેલ્લા પખવાડિયાથી સતત અધિકારીઓ અને કર્મચારીઓ સમક્ષ તેમની ઉદાસીનતાને લઈ નારાજગી વ્યક્ત કરતા રહ્યા છે તે કલેક્ટર કચેરીમાં ચર્ચાનો મુદ્દો છે.
- જિલ્લા કક્ષાની કચેરી માટેનું બિલ્ડીંગ તૈયાર થઈ ગયું છે. પણ લોકાર્પણ માટેની તારીખ ન મળતાં હજુ કાર્યરત થયું નથી.
- મહાત્મા મંદિર ખાતે ૧૦-૧૧ જાન્યુઆરીના રોજ યોજાનાર એજ્યુકેશન સમીટ અંગે પૂરજોશમાં તૈયારીઓ ચાલી રહી છે.

એજ્યુકેશન સમિટને લઈ સે. ૧૫ કોલેજને નવા રૂપરંગ અપાયા

બહારથી આવનારા શિક્ષણવિદો કોલેજ કેમ્પસની મુલાકાત લેશે

ગાંધીનગર, તા. ૭

સપ્તાહના અંતમાં મહાત્મા મંદિર ખાતે યોજાનારી એજ્યુકેશન સમિટમાં દેશના વિવિધ યુવાઓથી શિક્ષણવિદો તેમજ વિદ્યાર્થીઓ હાજરી આપશે જ્યારે આ સમિટને અનુલક્ષી નજીકમાં સ્થિત સે. ૧૫ કોલેજ કેમ્પસને પણ નવીન રૂપરંગ આપવામાં આવી રહ્યા છે. કોલેજના બિલ્ડીંગને રંગરોગાન ઉપરાંત કેમ્પસમાં લેન્ડ સ્કેપીંગ અને નવીન ઉદ્યાનનું પણ નિર્માણ કરવામાં આવ્યું છે. આગામી તા. ૧૧ અને ૧૨ જાન્યુઆરીના રોજ મહાત્મા મંદિર ખાતે એજ્યુકેશન સમિટનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમિટમાં દેશને વિવિધ પ્રતિનિધિના ચાન્સલેર-અધ્યાપકો, શિક્ષકો ઉપરાંત શિક્ષણક્ષેત્રના વિદ્વાનો અને વિદ્યાર્થીઓ પણ મોટી સંખ્યામાં હાજર રહેશે. જ્યારે આ સમિટને અનુલક્ષી શહેરના કેટલાક શિક્ષણ સંકુલોને પણ સુશોભિત કરવામાં આવી રહ્યા છે. બહારથી આવનારા આ ડેલીગેટ્સ સે. ૧૫ સ્થિત સાયન્સ અને આર્ટસ કોલેજની મુલાકાતે પણ જવાના હોવાથી તંત્ર દ્વારા કોલેજના બિલ્ડીંગ સહીત કેમ્પસને સુશોભિત કરવાનું કામ હાથ ધરાયું છે. બિલ્ડીંગને રંગરોગાન ઉપરાંત પ્લાન્ટેશન અને બગીચાનું પણ નિર્માણ કરવામાં આવ્યું છે. બગીચામાં હરિયાળી નિખારવા સ્પ્રીન્કલર લગાવવામાં આવ્યા છે. જ્યારે કોલેજ બિલ્ડીંગના ટોઈલેટ બ્લોકનું પણ રીનોવેશન કરી દેવાયું છે.

એજ્યુકેશન સમિટના પગલે ગાંધીનગરના માર્ગો પર મોટા મોટા હોર્ડિંગ્સ લાગ્યા છે. મહાત્મા મંદિર ખાતે તડામાર તૈયારીઓ થઈ રહી છે. દેશભરમાંથી ભાગ લેવા આવતા શિક્ષણવિદોની ભવ્ય વ્યવસ્થા જળવાય એ માટે ઘનિષ્ઠ આયોજન કરાઈ રહ્યું છે.

આર.ટી.ઓ. કચેરીમાં પ્રથમવાર મહિલા ઈન્સ્પેકટરની નિયુકિત

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર સ્થિત રાજયની પ્રથમ હાઈટેક આર.ટી.ઓ. કચેરીમાં પ્રથમવાર મહિલા ઈન્સ્પેકટરની નિયુકિત કરવામાં આવી છે. હાલ બે આર.ટી.ઓ. રજા પર હોવાથી આ મહિલા અધિકારીને ચાર્જ સોંપાયો છે.

'ગ' માર્ગ પર સ્થિત પેપરલેસ આર.ટી.ઓ. કચેરીનો સમગ્ર વહીવટ આંગળીના ટેરવે હોવાનો દાવો કરવામાં આવે છે. હાઈટેક કહેવાતી આર.ટી.ઓ. કચેરીમાં અરજદારોએ છાશવારે હાલાકી ભોગવવવાનો વારો આવે છે. ક્યારેક સર્વર બંધ થઈ જતા વહીવટી કામગીરી ઠપ્પ થઈ જતી હોવાની ફરિયાદો પણ આમ નાગરિકોમાં કકળાટનું કારણ બની છે. જ્યારે લાઈસન્સ ઈસ્યુ કરવાના મામલે પણ અગાઉ પ્લાસ્ટીક કાર્ડસના અભાવે અરજદારોને વિલંબ સહન કરવો પડયો હતો. બીજી તરફ આર.ટી.ઓ. કચેરીમાં પર્યાપ્ત મેન પાવરનો અભાવ હોવાથી પણ અરજદારોની રજૂઆતને યોગ્ય સમયે ન્યાય મળતો નથી. જો કે રાજયની હાઈટેક આર.ટી.ઓ. કચેરીમાં પ્રથમવાર મહિલા ઈન્સ્પેકટર મોટર

● અનુસંધાન પાન-૭ પર

બેસણું

અમારા પૂજ્ય માતૃશ્રી **સ્વ. જતુબા મૂળસિંહજી રાઠોડ** સંવત ૨૦૭૦ના પોષ સુદ-૬ને તા. ૬/૧/૨૦૧૪ને સોમવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. **સદ્‌ગતનું બેસણું તા. ૧૦/૧/૨૦૧૪ને શુક્રવારના રોજ ૧-૦૦ થી ૫-૦૦ કલાકે** અમારા નિવાસસ્થાને રાખેલ છે.

સ્થળ : ગામ - સીતવાડા, તા. પ્રાંતિજ, જી. સાબરકાંઠા

લિ.

પદમસિંહ મૂળસિંહજી રાઠોડ — જયેન્દ્રસિંહ મૂળસિંહજી રાઠોડ (પૂર્વ પ્રમુખ, જિલ્લા પંચાયત, સાબરકાંઠા)



યુવાનો માટેના પ્રિ-સમિટ કાર્યક્રમો

ક્રમ	કાર્યક્રમ	તારીખ	ઉપસ્થિત મહાનુભાવ	સ્થળ
૧	તસ્વીર કલા અને લઘુ ચલચિત્ર	૮/૧/૨૦૧૪	ભૂપેન્દ્રસિંહ ચુડાસમા શિક્ષણમંત્રીશ્રી સમયઃ સાંજે ૪-૦૦ કલાકે	વલ્લભ વિદ્યામંડળ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર
૨	ભારતીય સંગીત	૮/૧/૨૦૧૪ અને ૯/૧/૨૦૧૪	ભૂપેન્દ્રસિંહ ચુડાસમા શિક્ષણમંત્રીશ્રી શ્રી નાનુભાઈ વાનાણી મંત્રીશ્રી, રમત-ગમત (રાજકક્ષા) સમયઃ સાંજે ૪-૦૦ કલાકે	કોન્વોકેશન હોલ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત
૩	૧) ભારતીય નૃત્ય ૨) ચિત્રકલા	૯/૧/૨૦૧૪	શ્રીમતી વસુબેન ત્રિવેદી શિક્ષણ રાજ્યમંત્રી ઉદ્‌ઘાટનઃ સવારે ૧૦-૦૦ કલાકે	સી.સી. મહેતા ઓડિટોરીયમ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી વડોદરા
૪	પાશ્ચાત્ય સંગીત	૯/૧/૨૦૧૪	શ્રીમતી વસુબેન ત્રિવેદી શિક્ષણ રાજ્યમંત્રી ઉદ્‌ઘાટનઃ સાંજે ૬-૦૦ કલાકે	મુદ્રા ઇન્સ્ટીટ્યુટ ઓફ કોમ્યુનિકેશન (મામકા) શેલા ગામ, અમદાવાદ

સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મજયંતિ

ગાંધીનગર જિલ્લામાં દર ૩૬ કલાકે અકસ્માતમાં એકનું મોત

વર્ષ ૨૦૧૨માં ૮૪૮ માર્ગ અકસ્માતોમાં ૨૩૦ નાગરિકોએ જીવ ગુમાવ્યા છે જ્યારે વર્ષ ૨૦૧૩માં ૭૩૩ માર્ગ અકસ્માતમાં ૨૨૯ નાગરિકો મોતને ભેટ્યા જ્યારે ૯૪૪ ઘાયલ થયા

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લામાં માર્ગ સલામતી માત્ર કાગળ પર જ હોય તેવું છેલ્લા બે વર્ષમાં નોંધાયેલા માર્ગ અકસ્માતો તથા અકસ્માતથી થયેલા મૃત્યુના આંકડાઓ જોતા લાગી રહ્યું છે. વર્ષ-૨૦૧૨માં માર્ગ અકસ્માતમાં જિલ્લામાં ૨૩૦ વ્યક્તિઓના મૃત્યુ થયા હતા જ્યારે વર્ષ-૨૦૧૩માં ૨૨૯ વ્યક્તિઓ માર્ગ અકસ્માતમાં જ જિંદગી ગુમાવી બેઠા છે. જિલ્લામાં સરેરાશ દર ૩૬ કલાકે એક વ્યક્તિનું માર્ગ અકસ્માતમાં મૃત્યુ થાય છે. પૈડા પરની જિંદગી ખુબ જ જોખમી બની રહી હોવાનું ઉપરોક્ત અકસ્માતના આંકડાઓ પરથી ફલીત થાય છે.

ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૨માં ૮૪૮ માર્ગ અકસ્માતો સર્જાયા હતા. તેમાં ૨૩૦ લોકોએ જીંદગી ગુમાવી હતી જ્યારે ૧૧૧૮ વ્યક્તિઓ ઘવાયા હતા. સતત બીજા વર્ષે ૨૦૧૩માં પણ જિલ્લામાં માર્ગ અકસ્માતોની વણઝાર ચાલુ રહી હતી. વર્ષ-૨૦૧૩ દરમ્યાન જિલ્લામાં ૭૩૩ માર્ગ અકસ્માતો બન્યા હતા. જેમાં ૨૨૯ વ્યક્તિઓએ જિંદગી ગુમાવી હતી તે ઉપરાંત ૯૪૪ વ્યક્તિઓ અકસ્માતમાં ઘાયલ થયા હતા. માર્ગ સલામતીની તંત્ર વાતો કરે છે પરંતુ ક્યાં છે માર્ગ સલામતી ? તે પણ એક મોટો પ્રશ્નાર્થ છે. માર્ગ અકસ્માતોમાં છેલ્લા બે વર્ષમાં ૪૫૯ વ્યક્તિઓ મોતને ભેટ્યા હોવાનાં ચોંકાવનારા આંકડા પોલીસ ચોપડે નોંધાયા છે.

Adv. For Applicant — Process fee paid
Adv. A.D.Patil — 15/-

PUBLICATION NOTICE
IN THE COURT OF THE MOTOR ACCIDENT CLAIMS TRIBUNAL,ALIBAAG. DIST.RAIGAD
Exh. No. 23/D
M.A.C.P. No. 497 OF 2009
Namdev Nathuram Gawand & Ors 1 ..... Applicant/s
V/s
Akabarali Roshanali Chaudhari & Ors 1 ..... Opponents

To
Opponent No. 1
Akabarali Roshanali Chaudhari
Resi. At: Modasa, Dist. Sabarkantha,
State. Gujarat 383315.

On material Date 2/11/2009 and time 11:15 pm at Khardhombi Village on Khardhombi Road, within jurisdiction of **Vadkhal** police Station. The said accident took place because of the offending Truck No. GJ / 09 /Y/ 9161 which was registered on your own name as per the Insurance Policy driven in very fast speed and in rash and negligent manner give violent dash to the deceased Sushant Namdev Gawand. Due to the said impact the deceased death on the spot.

The applicant has filed an application for compensation on account of death sustain to him in M/vehicle accident for Rs. 5,00,000/- Before the Motor Accident Claim Tribunal At Alibag,Dist. Raigad, State Maharashtra.

In this matter court has sent notice to opponent No. 1 but it came back. In the above circumstances from this purification notice you are therefore inform you that said matter fixed of for Hearing on date 16/01/2014 at 11:00 A.M. & you must present with your Advocate before this Hon'ble court and give your reply of written statement if you failed to present before Hon'ble court next order will be passed against you and you are personally responsible for this.

Given under my hand and the seal of the court dated 21/12/2013.

Junior Clerk — Seal — Superintendent (Judicial Branch) District Court, Alibag- Raigad

ટ્યુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

પરાગ પટેલ (જાંબુ) મો. ૯૫૧૧૫૮૫૨૭૯
રજનીભાઈ શાહ મો. ૮૮૬૬૧૦૮૬૬૨
નરેન્દ્ર પટેલ (શંભુ) મો. ૯૮૨૪૦૫૪૨૧૪
દિવાની ટાઈલ્સ
રૂબર અને પેવર બ્લોક મેન્યુફેક્ચરર એન્ડ સપ્લાયર્સ
તેમજ ફીટીંગ કરી આપવામાં આવશે

જે.એસ. પટેલ વિદ્યામંદિર સામે, માર્કેટ યાર્ડની બાજુમાં, રાંધેજા, ગાંધીનગર

SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre) Gandhinagar District
VINAYAK 500 — TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com